# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-01-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## 108 ઇમરજન્સી સેવા

**ગુજરાતમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન રાજ્યભરમાં 108 ઇમરજન્સી સેવા દ્વારા અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી હતી. 14 જાન્યુઆરીના રોજ રાજ્યમાં કુલ 5,897 ઇમરજન્સી કેસો નોંધાયા હતા, ખાસ કરીને પતંગની દોરીથી થતી ઇજાઓના કેસોમાં રાજ્યમાં 1018% નો જંગી ઉછાળો જોવા મળ્યો હતો.**
**કચ્છ જિલ્લાની વાત કરીએ તો સામાન્ય દિવસોમાં 108 ઇમરજન્સીમાં સરેરાશ 164 કેસો નોંધાય છે, જેની સામે ઉત્તરાયણના દિવસે 179 કેસો નોંધાયા હતા. જિલ્લામાં માર્ગ અકસ્માતના કેસો સામાન્ય 22 થી વધીને 32 થયા હતા. પતંગ ઉડાવવા સંબંધિત ઇજાઓની વાત કરીએ તો, ઊંચાઈ પરથી પડવાના 7 કેસ અને દોરીથી થતી ઇજાનો 1 કેસ નોંધાયો હતો. આ ઉપરાંત, જિલ્લામાં શારીરિક હુમલાના 5 બનાવો પણ 108 ના ચોપડે નોંધાયા હતા.**

108ની ઝડપી સેવાના કારણે રાજ્યભરમાં અકસ્માતના કેસોમાં તાત્કાલિક સારવાર આપી શકાય હતી. તંત્ર દ્વારા નાગરિકોને હજુ પણ વીજ લાઈનોથી દૂર રહેવા અને વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે

**---------------------------------------------------------------------------------------------**

## રાજ્યમંત્રીનો અભિવાદન સમારોહ

**કેરા કુંદનપર લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાનો સાર્વજનિક અભિવાદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ રૂ. 467 લાખના ખર્ચે બનનાર બળદિયા-ઝૂમખા અને વડવા-હાજાપર-હરુડી માર્ગોનું ખાતમુહૂર્ત કર્યું હતું.**

**મંત્રીશ્રીએ કેરા હાઇસ્કૂલની મુલાકાત લઈ શિક્ષણ અને ITIમાં નવા ટ્રેન્ડ્સ માટે સહયોગની ખાતરી આપી હતી. તેમણે 'વિકસિત ભારત'ના નિર્માણમાં શિક્ષણના મહત્વ પર ભાર મૂકી શિક્ષકો સાથે સંવાદ કર્યો હતો. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ વરસાણી, અગ્રણી દાતાઓ અને વિવિધ ગામના સરપંચો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.**

**------------------------------------------------------------------------------------**

## રતનપરમાં ખેડૂત શિબિર

**ભચાઉ વિભાગીય સંશોધન કેન્દ્ર અને પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભુજના સંયુક્ત ઉપક્રમે ખડીર વિસ્તારના રતનપર ગામે એક દિવસીય ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. "જીરાના પાકની વૈજ્ઞાનિક ખેતી અને આદર્શ પશુપાલન" વિષય હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં અંદાજે 70 ખેડૂતોએ ભાગ લીધો હતો. ડોક્ટરો અને તજજ્ઞો દ્વારા બીજ ઉત્પાદન અને બજાર વ્યવસ્થા, પશુઓનો સંતુલિત ખોરાક અને સ્વાસ્થ્ય જાળવણી, ક્ષરીય જમીન સુધારણા, જીરાના રોગ-જીવાત નિયંત્રણ અંગે મારગદર્શન આપવામાં આવ્યું હતું.**

**ગામના જુદા જુદા ખેડૂતોએ પોતાના ખેતી સંબંધિત અનુભવો તથા સમસ્યાઓ અંગે માહિતી રજૂ કરી હતી. અધિકારીશ્રીઓ દ્વારા તેમના પ્રશ્નોના નિરાકરણ માટે યોગ્ય માર્ગદર્શન અને વ્યવહારુ ઉકેલો આપવામાં આવ્યા હતાં.**

**------------------------------------------------------------------------------------**

## પશુપાલન શિબિર

**જિલ્લા પંચાયતની પશુપાલન શાખા અને ગુજરાત રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા આગામી 17 જાન્યુઆરીના અંજાર તાલુકાના દુધઇ ગામે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરના અધ્યક્ષસ્થાને રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી તથા અંજાર વિધાનસભાના ધારાસભ્ય ત્રિકમભાઇ છાંગા ઉપસ્થિત રહેશે. આ શિબિરમાં**

**પશુપાલકોને આદર્શ પશુપાલન અંગે માર્ગદર્શન અપાશે અને આ ક્ષેત્રમાં થયેલા વિકાસનું પ્રદર્શન યોજાશે.**

**---------------------------------------------------------------------------------------**

## હવામાન

**સરહદી કચ્છ જિલ્લામાં ગઇકાલે ઉત્તરાયણ પર્વની ઉજવણી બાદ આજે વાતાવરણમાં સાનુકૂળ પલટો જોવા મળ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી કડકડતી ઠંડી બાદ આજે જિલ્લાવાસીઓને ઠંડીના પ્રકોપમાંથી રાહત મળી છે. લઘુત્તમ તાપમાનમાં વધારાની સાથે આજે વહેલી સવારે પશ્ચિમ કચ્છમાં ધુમ્મસનું વાતાવરણ સર્જાયૂ હતું. ભુજ-નખત્રાણા હાઇવે પર ગાઢ ધુમ્મસ છવાતા વાહન ચાલકો માટે મુશ્કેલી સર્જાઇ હતી.**

**હવામાન વિભાગના આંકડાઓ મુજબ આજે જિલ્લામાં લઘુત્તમ તાપમાનમાં વધારો થતા ઠંડીનું જોર ઘટ્યું છે. રાજ્યના સૌથી ઠંડા મથક તરીકે જાણીતા નલિયામાં આજે 9.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જિલ્લા મથક ભુજમાં 12.4 ડિગ્રી અને કંડલામાં 11.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. જિલ્લાના તમામ મુખય મથકો પર મહત્તમ તાપમાનનો પારો 28 ડિગ્રીની આસપાસ રહ્યો હતો જેના કારણે બપોરના સમયે વાતાવરણ હુંફાળું બની ગયુ હતું.**

**---------------------------------------------------------------------------------------**

## કરૂણા અભિયાન

**રાજ્યભરમાં આગામી 20 જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન ચાલી રહ્યું છે. તે અંતર્ગત રાજ્યભરમાં હાલ કુલ 450 જેટલા સંગ્રહ કેન્દ્ર, 85 જેટલા નિયંત્રણ ખંડ અને 480થી વધુ સારવાર કેન્દ્ર અબોલ પક્ષીઓના સારવાર અને બચાવ કાર્ય માટે કાર્યરત્ છે.**

**ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટે લોકો હેલ્પલાઈન નંબર 1962 ડાયલ કરી શકશે. જ્યારે પક્ષી સારવાર કેન્દ્રની વિગત વાઈલ્ડ લાઈફ હેલ્પલાઈન નંબર 83200-02000 પર ફોન કરી મેળવી શકશે.**

**---------------------------------------------------------------------------------------**

# જયપુરમાં આર્મી ડે પરેડમાં કચ્છની દીકરીઓ જોડાઇ

**ભારતીય થલસેનાના ગૌરવ અને સાહસને પ્રદર્શિત કરતી ભવ્ય આર્મી ડે પરેડ આજે જયપુર ખાતે યોજાઈ હતી. આ રાષ્ટ્રીય કક્ષાની પરેડમાં ભુજની 36 ગુજરાત એનસીસી બટાલિયનની ચાર દીકરીઓએ ભાગ લઈને સમગ્ર કચ્છનું નામ રોશન કર્યું છે.**

**---------------------------------------------------------------------------------------------------**